પાલી અર્ધમાગધી પરીક્ષા સમિતિ, પૂના દ્વારા પુરસ્કૃત
હાયસ્કૂલના દશમા અને અગિયારમા ધોરણના
વિદ્યાર્થીઓ માટે

# अर्धमागधी व्याकरण-सार

( ગુજરાતી ભાષામાં )


– લેખક –

**રેવાશંકર ગોવર્ધન જોષી**

કાવ્યતીર્થ; સાહિત્ય વિશારદ (પ્રયાગ)

અધ્યાપક–ર. ચુ. મ. ગુજરાતી હાયસ્કૂલ, પૂના.



૧૯૫૩

પ્રકાશક—
રેવાશંકર ગો. જોષી
કાવ્યતીર્થ, સાહિત્ય વિશારદ (પ્રયાગ)
૩૭૬ ગુરૂવાર પેઠ,
પૂના ૨.

– મૂલ્ય ૧૨ આના –

મુદ્રક—
કનકમલ મુનોત,
એમ. એ., બી. ટી.
પ્રભાત પ્રિંટિંગ વર્કર્સ,
૧૪૬૧ રવિવાર,
પૂના ૨.

પાલી અર્ધમાગધી પરીક્ષા સમિતિ, પૂના દ્વારા પુરસ્કૃત
હાયસ્કૂલના દશમા અને અગિયારમા ધોરણના
વિદ્યાર્થીઓ માટે

# अर्धमागधी व्याकरण-सार

( ગુજરાતી ભાષામાં )


– લેખક –

રેવાશંકર ગોવર્ધન જોષી
કાવ્યતીર્થ, સાહિત્ય વિશારદ (પ્રયાગ)
અધ્યાપક–ર. ચુ. મ. ગુજરાતી હાયસ્કૂલ, પૂના.



૧૯૫૩

# Foreword

I have great pleasure to write a foreword to an Ardha-magadhi grammar, entitled 'Ardha-magadhi Vyakarana-Sara' written by Shri Revashankar Joshi for the benefit of students studying this language in the tenth and eleventh standards of a high school, through the medium of Gujrati. The book is well planned to cover all topics of the Ardha-magadhi grammar essential for an S. S. C. student and the treatment is quite good and methodical. If closely followed, this book should enable the Ardha- magadhi teacher to impart an effective grammatical background to the student for an intelligent understanding of the prescribed text. I have, therefore, no hesitation in commending this grammar to the student as also the teacher of this subject in a high school.

N. Wadia College,
Poona I.
4-8-1953

N. G. SURU
Principal.

# બે બોલ

ગુજરાતી ભાષામાં લખાયેલાં અર્ધમાગધી વ્યાકરણનાં કેટલાંક પુસ્તકો મારા જોવામાં આવ્યાં, પરંતુ તેમાં ઘણાં તો અતિ વિસ્તૃત સ્વરૂપના હતાં અને કેટલાંકમાં ક્રમની ગુચવણો જોવામાં આવી; એથી મને લાગ્યું કે વિદ્યાર્થીઓ માટે એવું નાનું સરખું પુસ્તક જો લખવામાં આવે કે જેમાં આવશ્યક તેટલી વ્યાકરણ વિષયક સર્વ માહિતી સંક્ષેપમાં મળે તો તે વિદ્યાર્થી વર્ગને ઉપકારક થઇ પડશે, એ દૃષ્ટીથી મેં આ " અર્ધમાગધી વ્યાકરણ-સાર " લખ્યું છે. આમાં, વર્ણવિકાર, શબ્દ રૂપો, ધાતુ રૂપો, કૃદન્તો, સન્ધિ, સમાસ વગેરેની માહિતી વિસ્તાર ન કરતાં મહત્વના મુદ્દાઓ ધ્યાનમાં રાખી ટુંકાણમાં આપવાનો પ્રયત્ન કર્યો છે. મને વિશ્વાસ છે કે આ નાની સરખી પુસ્તિકાનું એકેક પાનું પણ વિદ્યાર્થીઓ જો દરરોજ ધ્યાનપૂર્વક વાંચશે તો મેટ્રિક માટે જોઇતું વ્યાકરણ-જ્ઞાન તેઓ ટુંક સમયમાંજ સહેલાઇથી મેળવી શકશે.

બીજું, આ કાર્યમાં મને જે જે લોકોની પ્રેરણા તથા મદદ મળી તે બધાનો આભાર માનવો એ મારી ફરજ છે.

પ્રથમતઃ તો શ્રી ર. ચુ. મ. ગુજરાતી હાઇસ્કુલના પ્રિન્સિપાલ શ્રી. દાદાવાલાનો હું કૃતજ્ઞ છું, કારણ કે તેમનીજ પ્રેરણાથી મેં અર્ધમાગધી ભાષામાં વધુ રસ લીધો અને આ પુસ્તક લખવા હું પ્રેરાયો.

ઉપરાન્ત મારા તે શિક્ષક મિત્રો અને વિદ્યાર્થીઓનો પણ હું આભારી છું કે જેમણે મને આ કાર્યમાં વખતો વખત મદદ કરી.

વાડિયા કોલેજના પ્રિન્સિપાલ શ્રી. એન. જી. સુરૂએ આ નાની સરખી પુસ્તિકાપર પ્રસ્તાવના લખી આપી પોતાની ઉદાત્ત વૃત્તિનો પરિચય આપ્યો અને મારા ઉત્સાહમાં વધારો કર્યો માટે તેમનો પણ હું કૃતજ્ઞ છું.

તેમજ ઉપયુકત સૂચનાઓ સાથે આ પુસ્તકનું મુદ્રણ કાળજીપૂર્વક કરી આપી મારા મિત્ર શ્રી. રતનકમલ મુનોતે જે આત્મીયતા બતાવી તે માટે હું તેમનો પણ આભારી છું.

રવીન્દ્ર સ્મૃતિદિન, ૧૯૫૩ }

રેવાશંકર જોષી

# અનુક્રમણિકા


| પ્રકરણ | નામ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | જોડાક્ષરો | ૧ |
| ૨ | વર્ણ વિકાર | ૨ |
| ૩ | શબ્દરૂપો | ૬ |
| ૪ | ધાતુરૂપો | ૧૭ |
| ૫ | વિશેષણ કૃદન્તો | ૨૨ |
| ૬ | અવ્યય કૃદન્તો | ૨૫ |
| ૭ | પ્રયોજક | ૨૭ |
| ૮ | નામધાતુ | ૨૮ |
| ૯ | પ્રયોગ | ૨૮ |
| ૧૦ | સન્ધિ | ૩૧ |
| ૧૧ | સમાસ | ૩૩ |
| ૧૨ | સંખ્યાવાચક વિશેષણો | ૩૭ |

# અર્ધમાગધી વ્યાકરણ-સાર

## પ્રકરણ પહેલું

### જોડાક્ષરો

અર્ધમાગધીમાં ગમે તે વ્યંજન ગમે તે વ્યંજનની સાથે મળીને જોડાક્ષરો બની શકતા નથી. જોડાક્ષરો સંબન્ધી સામાન્ય નિયમો નીચે પ્રમાણે છેઃ—

**નિયમ ૧**—ફક્ત બે જ વ્યંજનો મળીને જોડાક્ષરો થાય છે.

**નિયમ ૨**—અસવર્ણ વ્યંજનોમાં જોડાક્ષરો થતા નથી.

અપવાદ—ण्ह, न्ह, म्ह, ल्ह

**નિયમ ૩**—સવર્ણ વ્યંજનોમાં પણ—

(अ) દરેક વર્ગનો પહેલો અને ત્રીજો વ્યંજન જ માત્ર બેવડાય છે. દા. ત. क्क, ग्ग.

(આ) દરેક વર્ગના પહેલા વ્યંજનની જોડ બીજા વ્યંજન સાથે, તેમ જ ત્રીજા વ્યંજનની જોડ ચોથા વ્યંજન સાથે થાય છે. તેમાં પહેલો અને બીજો વ્યંજન જ આદ્ય હોય છે. દા. ત. क्ख, ग्घ

(इ) દરેક વર્ગના વ્યંજનની પોતાના અનુનાસિક સાથે જોડ થાય તેમાં અનુનાસિક જ આદ્યાક્ષર હોવો જોઇએ. દા. ત. ङ्क, म्प

**નિયમ ૪**—ण, न, म એ અનુનાસિકોનું પણ દ્વિત્વ થઇ શકે છે.(બેવડાઇ શકે છે) દા. ત. ण्ण, न्न, म्म.

**નિયમ ૫**—ल, व, स આ વ્યંજનોનું પણ દ્વિત્વ થઇને (બેવડાઇને) જોડાક્ષરો થાય છે. દા. ત. ल्ल, व्व, स्स.

આ નિયમો પ્રમાણે અર્ધમાગધીમાં કુલ જોડાક્ષરો નીચે પ્રમાણે છે:—

અનુનાસિક વગરના જોડાક્ષરો

| | | | |
|---|---|---|---|
| क्क | क्ख | ग्ग | ग्घ |
| च्च | च्छ | ज्ज | ज्झ |
| ट्ट | ट्ठ | ड्ड | ड्ढ |
| त्त | त्थ | द्द | द्ध |
| प्प | प्फ | ब्ब | ब्भ |
| ल्ल | व्व | स्स | |

અનુનાસિકવાળા જોડાક્ષરો

| | | | | |
|---|---|---|---|---|
| ङ्क | ङ्ख | ङ्ग | ङ्घ | |
| ञ्च | ञ्छ | ञ्ज | ञ्झ | |
| ण्ट | ण्ठ | ण्ड | ण्ढ | ण्ण |
| न्त | न्थ | न्द | न्ध | न्न |
| म्प | म्फ | म्ब | म्भ | म्म |
| ण्ह | न्ह | म्ह | ल्ह | |

# પ્રકરણ બીજું

## વર્ણવિકાર

અર્ધમાગધી ભાષા સંસ્કૃતમાંથી બનેલી છે. સંસ્કૃત શબ્દોના વર્ણો (સ્વર અને વ્યંજન) માં કંઇક વિકાર થઇને અર્ધમાગધી ભાષાના શબ્દો

બન્યા છે. તે વર્ણવિકાર (અક્ષરબદલ) કેવી રીતે થાય છે તે વિષેના મુખ્ય મુખ્ય અને મહત્ત્વના નિયમો નીચે પ્રમાણે છે:—

**નિયમ ૧**—સંસ્કૃત શબ્દના ऋ નો અર્ધમાગધીમાં अ, इ, उ, रि થાય છે. દા. ત.— तृण–तण; शृंग–सिंग, पृच्छ–पुच्छ; ऋक्ष–रिच्छ.

**નિયમ ૨**—સંસ્કૃત શબ્દના 'ऌ'નો 'इलि' થાય છે. દા. ત. क्लृप्ति–किलित्ति.

**નિયમ ૩**—'ऐ'નો 'ए' અથવા 'अइ' અને 'औ' નો 'ओ' અથવા 'अउ' થાય છે. દા. ત.— वैर–वेर, वइर; चौर–चोर, चउर.

**નિયમ ૪**—વિસર્ગનો 'ओ' અથવા કેટલેક ઠેકાણે લોપ થાય છે. દા. ત. देवः-देवो; देवाः-देवा.

**નિયમ ૫**—દીર્ઘ સ્વર પછી જોડાક્ષર આવે તો તે દીર્ઘ સ્વર હ્રસ્વ થાય છે. દા. ત.— काष्ठ–कट्ठ; दीक्षा–दिक्खा; धूर्त-धुत्त.

**નિયમ ૬**—શબ્દના આરંભમાં આવેલા श्, ष् નો स् તથા 'य्' નો 'ज्' થાય છે. દા. ત.–शरीर-सरीर; षोडश–सोलस; यम–जम; यति–जइ.

**નોંધ**— श, ष् તથા य् શિવાય બીજા કોઇ પણ વ્યંજનનો શબ્દના આરંભમાં ફેરફાર થતો નથી. દા. ત.— कमल–कमल; गुण–गुण.

**નિયમ ૭**—શબ્દના મધ્યભાગમાં આવેલા क, ग्. च्, ज्, त्, द् નો જો તેમની પહેલાં અનુસ્વાર ન હોય તો લોપ થાય છે, અને તેમાંનો સ્વર રહે છે. આ સ્વર જો अ, आ હોય તો તેના બદલે य, या મુકાય છે. આને 'यश्रुति' કહે છે. દા. ત.—क्-य्-सकल=सयल (કેટલીક વખત क् નો ग् પણ થાય છે. लोक-लोग); ग्–य् नगर–नयर (કેટલીક વખત ग् કાયમ પણ રહે છે. योग–जोग); च्–य्–वचन = वयण; ज्–य्–सुजन = सुयण; त्-य् सीता = सिया; द्–य्–पाद = पाय (પગ).

**નોંધ**—અર્ધમાગધીમાં य ની બારાખડીમાં य या એ બે જ અક્ષરો આવે

છે. બાકીના યિ; ચી યુ, યૂ વગેરે અક્ષરો માટે इ, ई, उ, ऊ, વગેરે સ્વરો આવે છે. દા. ત.—वियोग—विओग.

**નિયમ ૮**—શબ્દની મધ્યમાં આવેલા ट् નો ड्; ठ् નો ढ्; न નો ण અને प् નો व् થાય છે દા. ત.—घट-घड; पीठ-पीढ; नयन-नयण; दीप-दीव.

**નિયમ ૯**—ख्, घ्, थ्, ध्, फ् भ् એ વ્યંજનો શબ્દની મધ્યમાં આવે તો તેનો ह् થાય છે. દા. ત.—मुख-मुह; मेघ-मेह; कथा-कहा; दधि-दहि; शफरी-सहरी, सौभाग्य-सोहग्ग.

**નિયમ ૧૦**—શબ્દની મધ્યમાં આવેલા श्, ष् નો स् થાય છે. દા. ત.—शिशु सिसु; शेष सेस.

**નિયમ ૧૧**—સંસ્કૃતના પુલ્લિંગી વ્યંજનાન્ત નામના અન્ત્ય વ્યંજનમાં अ સ્વર મળે છે અને સ્ત્રીલિંગી વ્યંજનાન્ત નામના અન્ત્ય વ્યંજનમાં 'आ' તથા 'ई' સ્વર મળે છે. દા. ત.—मरुत् (पु)-मरुय; संपद् (स्त्री)-संपया; आपद् (स्त्री)-आवई. અને નપુંસકલિંગી વ્યંજનાન્ત નામના તથા વ્યંજનાન્ત ક્રિયાવિશેષણના અન્ત્ય વ્યંજનનો અનુસ્વાર થાય છે. દા. ત.—शिरस्-सिरं सम्यक्-सम्मं. તથા કેટલેક ઠેકાણે અન્ત્ય વ્યંજનોમાં લોપ પણ થાય છે. દા. ત.—राजन्-राय.

**નિયમ ૧૨**—શબ્દની વચ્ચે આવેલા સંયુક્ત વ્યંજન (જોડાક્ષર) માંથી નિર્બળ વ્યંજનનો લોપ કરી બાકી રહેલા વ્યંજનને બેવડાવવો. દા. ત.—कर्ण-कण्ण, કયા વ્યંજનો સબળ છે અને કયા નિર્બળ એ જાણવા માટે વ્યંજનોના ચાર વર્ગ પાડવામાં આવ્યા છે. પહેલા વર્ગમાં क्, च्, ट्, त्, प्, એ પાંચે વર્ગોના મળીને અનુનાસિક વગરના વીસ અક્ષરો, બીજા વર્ગમાં ङ्, ञ्, ण्, न्, म् એ પાંચે અનુનાસિકો, ત્રીજા વર્ગમાં श्, ष्, स् એ ત્રણ વ્યંજનો અને ચોથા વર્ગમાં ल्, य्, व्, र्, એ ચાર વ્યંજનો છે. પહેલા વર્ગ કરતાં બીજો વર્ગ નિર્બળ, તેના કરતાં ત્રીજો અને તેના કરતાં ચોથો વર્ગ નિર્બળ છે. ल्, य्, व्, र् એ વ્યંજનોમાં પણ એક બીજા કરતાં ઊતરતો ક્રમ છે.

**વ્યાઘ્ર** એ શબ્દમાં 'घ' એ વ્યંજન પહેલા વર્ગમાંનો છે અને 'र' એ ચોથા વર્ગમાંનો છે માટે र् નો લોપ અને 'घ्' બેવડાશે એટલે व्याघ्र-वग्घ એમ થશે. (પહેલાં 'घ्' નો 'ग्' આ જ પ્રકરણમાં નિ. ૧૫ જુઓ)

**तस्य**—આમાં स् એ ત્રીજા વર્ગનો છે અને य् નો લોપ થઇ स् બેવડાશે. એટલે तस्य–तस्स એમ થશે.

**धर्म**—એમાં 'र्' એ ચોથા વર્ગનો છે અને 'म्' એ બીજા વર્ગનો; માટે 'र्' નો લોપ થઇ 'म्' બેવડાશે. એટલે धर्म-धम्म એમ થશે.

**નિયમ ૧૩**—જોડાક્ષરના બન્ને અક્ષરો સરખી શક્તિવાળા હોય તો પહેલા અક્ષરનો લોપ થઇ બીજો અક્ષર બેવડાશે. દા. ત.—जन्म-जम्म.

जन्म માં 'न्' અને 'म्' બન્ને બીજા વર્ગના છે; એટલે સમાન શક્તિ-શાળી છે. માટે પહેલા અક્ષર 'न्' નો લોપ થઇ 'म्' બેવડાયો છે.

**નિયમ ૧૪**—શબ્દના આરંભમાં આવેલા જોડાક્ષરમાંથી એકનો લોપ થઇ રહેલો વ્યંજન બેવડાતો નથી. દા. ત.—प्रस्तर–पत्थर,

**નિયમ ૧૫**—જે વ્યંજનને બેવડાવવો હોય તે વ્યંજન, क વર્ગ, च વર્ગ વગેરે કોઇપણ વર્ગનો બીજો અથવા ચોથો અક્ષર હોય તો તે પોતે ન બેવડાતાં પોતાની પહેલાના વ્યંજનને સાથે લે છે. દા. ત.—दुग्ध-दुद्ध, व्याघ्र-वग्घ.

**વિશેષ નિયમો**—द्य નો ज्ज–अद्य = अज्ज; स्त નો त्थ–हस्त = हत्थ; त्य નો च्च–सत्य = सच्च; क्ष નો क्ख–भिक्षा = भिक्खा; श्च નો च्छ–पश्चिम = पच्छिम; ष्ण નો ण्ह–उष्ण = उण्ह; त्स નો च्छ–मत्सर = मच्छर.

# પ્રકરણ ત્રીજું

## શબ્દરૂપો

અર્ધમાગધીમાં એકવચન અને બહુવચન એમ બેજ વચન છે, દ્વિવચનના બદલે બહુવચનજ વપરાય છે. તેમજ અર્ધમાગધીમાં સંબોધન સાથે મળીને સાતજ વિભક્તિઓ છે. ચતુર્થી વિભક્તિ નથી તેના બદલે ષષ્ઠી વપરાય છે

### (१) राम (અકારાન્ત પુલ્લિંગી)

| વિભક્તિ | એકવચન | બહુવચન |
|---|---|---|
| **प्रथमा** | **रामो, रामे** | **रामा** |
| **द्वितीया** | **रामं** | **रामे, रामा** |
| **तृतीया** | **रामेण-णं** | **रामेहि-हिं** |
| **पंचमी** | **रामा, रामाओ** | **रामेहिन्तो** |
| **चतुर्थी-षष्ठी** | **रामस्स** | **रामाण-णं** |
| **सप्तमी** | **रामे, रामम्मि, रामंसि** | **रामेसु-सुं** |
| **संबोधन** | **हे राम** | **हे रामा** |

આ પ્રમાણેજ निव, मेह, वाणर, वग्घ વગેરે અકારાન્ત પું. શબ્દો ચલાવવા.

### (२) मुणि (ઇકારાન્ત પુલ્લિંગી)

| | | |
|---|---|---|
| **प्र०** | **मुणी** | **मुणी, मुणिणो, मुणीओ** |
| **द्वि०** | **मुणिं** | ,, ,, ,, |
| **तृ०** | **मुणिणा** | **मुणीहि-हिं** |
| **पं०** | **मुणिणो, मुणीओ** | **मुणीहिन्तो** |
| **च० ष०** | **मुणिणो, मुणिस्स** | **मुणीण-णं** |

| | | |
|---|---|---|
| स. | मुणिंसि, मुणिम्मि | मुणीसु–सुं |
| सं. | मुणि | मुणी, मुणिणो, मुणीओ |

આ પ્રમાણેજ अग्नि, रवि, कवि વગેરે ઇકારાન્ત પું. શબ્દો ચલાવવા.

## ( ૩ ) साहु (ઉકારાન્ત પુલ્લિંગી)

| | | |
|---|---|---|
| प्र. | साहु | साहुणो, साहवो |
| द्वि. | साहुं | ,, ,, |
| तृ. | साहुणा | साहूहि–हिं |
| पं. | साहुणो साहूओ | साहूहिन्तो |
| च. ष. | ,, साहुस्स | साहूण-णं |
| स. | साहुंसि, साहुंमि | साहूसु-सुं |
| सं. | साहु | साहुणो, साहवो |

આ પ્રમાણે જ बन्धु, भाणु, बाहु વગેરે ઉકારાન્ત શબ્દો ચલાવવા.

## ( ૪ ) धण (અકારાન્ત નપુંસકલિંગી)

| | | |
|---|---|---|
| प्र. | धणं | धणाइं, धणाणि |
| द्वि. | ,, | ,, ,, |
| तृ. | धणेणं-णं | धणेहि-हिं |
| पं. | धणा, धणाओ | धणेहिन्तो |
| च. ष. | धणस्स | धणाण णं |
| स. | धणे, धणंसि, धणंमि | धणेसु-सुं |
| सं. | धण | धणाइं, धणाणि |

આ પ્રમાણે જ जल, वण, पुण्ण વગેરે અકારાન્ત નપુંસકલિંગી શબ્દો ચલાવવા.

## (૫) दहि (ઇકારાન્ત નપુંસકલિંગી)

| | | |
|---|---|---|
| प्र. | दहिं | दहीइं, दहीणि |
| द्वि. | ,, | ,, ,, |
| तृ. | दहिणा | दहीहिं-हि |
| पं. | दहिणो, दहीओ | दहीहिन्तो |
| च. ष. | ,, दहिस्स | दहीण णं |
| स. | दहिंसि, दहिंमि | दहीसु-सुं |
| सं. | दहि | दहीइं, दहीणि |

આ પ્રમાણે જ वारि, अच्छि વગેરે ઇકારાન્ત નપુંસકલિંગી શબ્દો ચલાવવા.

## (૬) महु (ઉકારાન્ત નપુંસકલિંગી)

| | | |
|---|---|---|
| प्र. | महुं | महूइं, महूणि |
| द्वि. | ,, | ,, ,, |
| तृ. | महुणा | महूहि-हिं |
| पं. | महुणो, महूओ | महूहिन्ता |
| च. ष. | ,, महुस्स | महूण-णं |
| स. | महुंमि, महुंसि | महूसु-सुं |
| सं. | महु | महूइं, महूणि |

આ પ્રમાણે જ वत्थु, चक्खु વગેરે ઉકારાન્ત નપુંસકલિંગી શબ્દો ચલાવવા,

## (૭) माला (આકારાન્ત સ્ત્રીલિંગી)

| | | |
|---|---|---|
| प्र. | माला | माला, मालाओ |
| द्वि. | मालं | ,, ,, |
| तृ. | मालाए | मालाहि-हिं |

| | | |
|---|---|---|
| पं. | मालाए, मालाओ | मालाहिन्तो |
| च. ष. | मालाए | मालाण–णं |
| स. | मालाए | मालासु, मालासुं |
| सं. | माला, माले | माला, मालाओ |

આ પ્રમાણે જ कन्ना, धुया વગેરે આકારાન્ત સ્ત્રીલિંગી શબ્દો ચલાવવા.

## ( ૮ ) भूमि ( ઈકારાન્ત સ્ત્રીલિંગી )

| | | |
|---|---|---|
| प्रं. | भूमी | भूमी, भूमीओ |
| द्वि. | भूमिं | ,, ,, |
| तृ. | भूमीए | भूमीहि–हिं |
| प. | भूमीए, भूमीओ | भूमीहिन्तो |
| च. ष. | भूमीए | भूमीण-णं |
| स. | भूमीए, भूमिंसि | भूमीसु–सुं |
| सं. | भूमि | भूमी–भूमीओ |

આ પ્રમાણે જ बुद्धि, कंति, सन्ति વગેરે ઇકારાન્ત સ્ત્રીલિંગી શબ્દો ચલાવવા.

## ( ૯ ) नारी ( ઈકારાન્ત સ્ત્રીલિંગી )

| | | |
|---|---|---|
| प्र० | नारी | नारी, नारीओ |
| द्वि० | नारिं | ,, ,, |
| तृ० | नारीए | नारीहि-हिं |
| पं० | नारीए, नारीओ | नारीहिन्तो |
| च० ष० | ,, | नारीण-णं |
| स० | ,, | नारीसु-सुं |
| सं० | नारि | नारी, नारीओ |

આ પ્રમાણે જ नई, पुहवी, सिरी, गावी વગેરે ઈકારાન્ત સ્ત્રીલિંગી શબ્દો ચલાવવા.

## (૧૦) रज्जु (ઉકારાન્ત સ્ત્રીલિંગી)

| | | |
|---|---|---|
| प्र० | रज्जू | रज्जू, रज्जूओ |
| द्वि० | रज्जुं | ,, ,, |
| तृ० | रज्जूए | रज्जूहि-हिं |
| पं० | रज्जूए, रज्जूओ | रज्जूहिन्तो |
| च० ष० | ,, | रज्जूण-णं |
| स० | रज्जूए, रज्जुंसि | रज्जूसु-सुं |
| सं० | रज्जु | रज्जू, रज्जूओ |

આ પ્રમાણે જ घेणु, विज्जु, ઉકારાન્ત સ્ત્રીલિંગી શબ્દો ચલાવવા.

## — કેટલાંક અનિયમિત રૂપો —

## (૧) राय પુલ્લિંગી [ राजन् ]

| | | |
|---|---|---|
| प्र० | राया | रायाणो, राइणो |
| द्वि० | रायं, रायाणं, | रायाणो |
| तृ० | रन्ना, राइणा, राएण | राईहि-हिं |
| पं० | रन्नो, राइणो | राईहिन्तो |
| च० ष० | ,, ,, रायस्स | राईण-णं |
| स० | रायंसि | राईसुं |
| सं० | राय, रायं, राया | रायाणो, राइणो |

## (૨) अप्पा પુલ્લિંગી [ आत्मन् ]

| | | |
|---|---|---|
| प्र० | अप्पा, आया | अप्पाणो, अत्ताणो |

| | | |
|---|---|---|
| द्वि० | अप्पाणं, अत्ताणं | अप्पाणो, अत्ताणो |
| तृ० | अप्पणा, अत्तणा | अप्पाणेहिं, अत्ताणेहिं |
| पं. | अप्पओ, अत्तओ | अप्पाणेहिन्तो, अत्ताणेहिन्तो |
| च. ष. | अप्पणो, अत्तणो | अप्पाणं, अत्ताणं |
| स. | अप्पणि, अत्ताणि | अप्पेसुं, अत्तेसु |
| सं. | अप्पा, अत्ता | अप्पाणो, अत्ताणो |

## ( ३ ) भगवन्त પુલ્લિંગી [ भगवन् ]

| | | |
|---|---|---|
| प्र० | भगवं, भगवन्तो | भगवन्तो |
| द्वि० | भगवन्तं | भगवन्ते |
| तृ० | भगवन्तेण, भगवया | भगवन्तेहिं |
| पं० | भगवओ | भगवन्तेहिन्तो |
| च० ष० | भगवओ, भगवन्तस्स | भगवन्ताणं |
| स० | भगवन्ते, भगवन्तंसि | भगवन्तेसुं |
| सं० | भगवं, भगवन्तो | भगवन्तो |

આ પ્રમાણે બધાં વર્તમાન કૃદન્તો અને સ્વામિત્વવાચક વિશેષણોના રૂપો ચલાવવાં. ( વર્ત૦કૃદન્ત— गच्छन्त, हसन्त, कीरन्त, हसिज्जन्त વગેરે. સ્વામિત્વવાચક વિશેષણો—गुणवन्त, बुद्धिमन्त વગેરે. )

## ( ४ ) पिया પુલ્લિંગી [ पिता ]

| | | |
|---|---|---|
| प्र० | पिया | पियरो |
| द्वि० | पियरं | पियरे, पियरो |
| तृ० | पिउणा | पिऊहिं, पिईहिं |
| पं० | पिउणो | पिउहिन्तो, पिईहिन्तो |
| च० ष० | पिउणो, पिउस्स | पिऊणं, पिईणं |

| | | |
|---|---|---|
| स० | पियरि, | पिऊसुं, पिईसुं |
| सं० | पिया | पियरो |

આ પ્રમાણે જ માયા, જામાયા વગેરે સંસ્કૃતના ऋकारान्त પુલ્લિંગી શબ્દો ચલાવવા.

## (૫) माया સ્ત્રીલિંગી [ माता ]

| | | |
|---|---|---|
| प्र० | माया | मायरो |
| द्वि० | मायरं | ,, |
| तृ० | मायाए, माउए | मायाहिं, माईहिं |
| पं० | माउए | माऊहिन्तो, माईहिन्तो |
| च० ष० | मायाए ,, | माऊणं, माईणं |
| स० | ,, ,, | माऊसुं, माईसुं |
| सं० | माया | मायरो |

## — સર્વનામો —

## (૧) अम्ह–હું (ત્રણે લિંગમાં)

| | | |
|---|---|---|
| प्र० | अहं, हं | अम्हे, वयं |
| द्वि० | ममं, मं, मे | ,, णे |
| तृ० | मइ, मए, मे | अम्हेहिं |
| पं० | ममाओ, मत्तो | अम्हेहिन्तो |
| च० ष० | मम, मह, मज्झ, मे | अम्हाणं, अम्हं, णो |
| स० | ममंसि, मइ | अम्हेसुं |

નોંધ—સર્વનામોને સંબોધનનાં રૂપો હોતાં નથી.

## (૨) तुम्ह–તું (ત્રણે લિંગમાં)

| | | |
|---|---|---|
| प्र० | तुमं, तं | तुम्हे, तुज्झे, तुब्भे, भे |

| | | |
|---|---|---|
| द्वि० | तुमं, ते | तुम्हे, तुज्झे, तुब्भे, भे |
| तृ० | तुए, तुमे, तए, तुमए | तुम्हेहिं, तुब्भेहि, तुज्झेहिं |
| पं० | तुमाओ, तुमत्तो | तुम्हेहिन्तो, तुब्भेहिन्तो |
| च० ष० | तव, ते, तुज्झ, तुम्ह, तुह | तुम्हाणं, तुम्हं, तुब्भं |
| स० | तुमंसि, तइ, तुमम्मि | तुम्हेसुं, तुज्झेसुं, तुब्भेसुं |

## (૩) त–ते (પુલ્લિંગી)

| | | |
|---|---|---|
| प्र० | सो, से | ते |
| द्वि० | तं | ते |
| तृ० | तेण | तेहिं |
| पं० | ताओ | तेहिन्तो |
| च० ष० | तस्स, से | तेसिं |
| स० | तंसि, तंमि | तेसुं |

## त–ते (સ્ત્રીલિંગી)

| | | |
|---|---|---|
| प्र० | सा | ताओ |
| द्वि० | तं | ” |
| तृ० | ताए, तीए | ताहिं |
| पं० | ताओ | ताहिन्तो |
| च० ष० | ताए, तीए, तीसे | तासिं |
| स० | तीए, तीसे | तासुं |

## त–ते (નપુંસકલિંગી)

| | | |
|---|---|---|
| प्र० द्वि० | तं | ताइं, ताणि |

**નોંધ**—બાકીનાં રૂપો પુલ્લિંગી પ્રમાણે.

## (૪) एय–આ (પુલ્લિંગી)

| | | |
|---|---|---|
| प्र० | एस, एसो, | एए |
| द्वि० | एयं | एए |
| तृ० | एएणं | एएहिं |
| पं० | एयाओ | एएहिन्तो |
| च० ष० | एयस्स | एएसिं |
| स० | एयंसि, एयम्मि | एएसुं |

## एय-આ (સ્ત્રીલિંગી)

| | | |
|---|---|---|
| प्र० | एसा | एयाओ |
| द्वि० | एयं | एयाओ |
| तृ० | एयाए | एयाहिं |
| पं० | एयाओ | एयाहिन्तो |
| च० ष० | एयाए | एयासिं |
| स० | एयाए | एयासुं |

## एय આ (નપુંસકલિંગી)

| | | |
|---|---|---|
| प्र० द्वि० | एयं | एयाइं, एयाणि |

**નોંધ**—બાકીના રૂપો પુલ્લિંગ પ્રમાણે.

## (૫) इम–આ (પુલ્લિંગી)

| | | |
|---|---|---|
| प्र० | अयं, इमे | इमे |
| द्वि० | इमं | इमे |
| तृ० | इमेण | इमेहिं |
| पं० | इमाओ | इमेहिन्तो |

| | | |
|---|---|---|
| च० ष० | इमस्स | इमेसि–सिं |
| स० | इमंसि, इमम्मि | इमेसुं |

### इम–આ ( સ્ત્રીલિંગી )

| | | |
|---|---|---|
| प्र० | इमं, इमा | इमाओ |
| द्वि० | इमं | ,, |
| तृ० | इमाए | इमाहिं |
| पं० | इमाओ | इमाहिन्तो |
| च० ष० | इमाए, इमीसे | इमासिं |
| स० | इमाए, इमीसे | इमासुं |

### इम–આ ( નપુંસકલિંગી )

| | | |
|---|---|---|
| प्र० द्वि० | इमं | इमाइं, इमाणि |

નોંધ—બાકીનાં રૂપો પુલ્લિંગી પ્રમાણે.

### ( ૬ ) किं–કોણ ( પુલ્લિંગી )

| | | |
|---|---|---|
| प्र० | को | के |
| द्वि० | कं | ,, |
| तृ० | केण | केहिं |
| पं० | काओ | केहिन्तो |
| च० ष० | कस्स | केसिं |
| स० | कंसि, कम्मि, कस्सिं | केसुं |

### किं–કોણ ( સ્ત્રીલિંગી )

| | | |
|---|---|---|
| प्र० | का | काओ |
| द्वि० | कं | ,, |

| | | |
|---|---|---|
| तृ० | काए | काहिं |
| पं० | काओ | काहिन्तो |
| च० ष० | काए, कीसे | कासिं |
| स० | ,, ,, | कासुं |

## किं—કોણ (નપુંસકલિંગી)

| | | |
|---|---|---|
| प्र० द्वि० | किं | काइं, काणि |

**નોંધ**—બાકીનાં રૂપો પુલ્લિંગ પ્રમાણે.

આ પ્રમાણે ज (જે), अवर (બીજો), अन्न (બીજો), कयर (કયો), सव्व, (બધા) વગેરે શબ્દો ચલાવવા.

## કેટલાંક સંખ્યાવાચક શબ્દોના રૂપો

### एग—એક

| | પુલ્લિંગી | સ્રીલિંગી | નપુંસકલિંગી |
|---|---|---|---|
| प्र. | एगा, एगे | एगा | एगं |
| द्वि. | एगं | एगं | एगं |
| तृ. | एगेण | एगाए | एगेण |
| पं. | एगाओ | एगाओ | एगाओ |
| च. ष. | एगास | एगाए | एगस्स |
| स. | एगंमि, एगंसि | एगाए | एगंमि, एगंसि |

दो, ती, चउ અને पंचના રુપો ફકત બહુવચનમાંજ હોય છે.

| | दो—બે | ती—ત્રણ |
|---|---|---|
| प्र. | दो, दुवे, दुण्णि | तओ, तिण्णि |

| | | |
|---|---|---|
| द्वि. | दो, दुवे, दुण्णि | तओ, तिण्णि |
| तृ. | दोहि-हिं | तीहि-हिं |
| पं. | दोहिन्तो | तीहिन्तो |
| च. ष. | दोण्हं | तीण्हं |
| स. | दोसु-सुं | तीसुं |

| | चउ—ચાર | पंच—પાંચ |
|---|---|---|
| प्र. | चउरो, चत्तारि, चत्तारो | पंच |
| द्वि. | ,, ,, ,, | ,, |
| तृ. | चऊहि हिं | पंचहि-हिं |
| पं. | चऊहिन्तो | पंचहिन्तो |
| च. ष. | चउण्हं | पंचण्हं |
| स. | चऊसु-सुं | पंचस-सुं |

---

# પ્રકરણ ચોથું

## ધાતુરૂપો

અર્ધમાગધીમાં સંસ્કૃતની જેમ પરસ્મૈપદ, આત્મનેપદ, દશ ગણ તેમજ ભૂત. ભવિષ્યકાળના અનેક પ્રકારો ન હોવાથી ધાતુરૂપો ચલાવવાં સહેલાં થઇ પડે છે. અર્ધમાગધીમાં ત્રણ કાળ અને ત્રણ અર્થ છે. ધાતુરૂપો ચલાવવાની સુલભતા માટે ધાતુઓના બે વર્ગો પાડવામાં આવ્યા છે. પહેલો વર્ગ અકારાન્ત ધાતુનો અને બીજો વર્ગ आ, ए, ओकारान्त ધાતુનો. અર્ધમાગધીમાં આ પ્રમાણે ચાર અન્તવાળા જ ધાતુઓ છે.

## — વર્તમાનકાળ —

[ પ્રત્યયો ] — हस (હસવું) [ રૂપો ]

| પુ૦ | એ૦ વ૦ | બ. વ. | એ૦ વ૦ | બ. વ. |
|---|---|---|---|---|
| प्र० | मि | मो | हसामि | हसामो |
| द्वि० | सि | ह | हससि | हसह |
| तृ० | इ | अन्ति | हसइ | हसन्ति |

આ પ્રમાણેજ आ, ए, ओકારાન્ત ધાતુઓમાં પણ મૂળ પ્રત્યયો ઉમેરી વર્તમાનકાળનાં રૂપો બનાવવાં. દા. ત. गामि, गामो, नेमि, नेमो, વગેરે. વિશેષ રૂપ—તૃતીય પુરુષ બ. વ. માં गायन्ति.

વાક્યો—अहं हसामि [ હું હસું છું ]. बालो गच्छइ [ બાળક જાય છે ] तुमं पढसि [ તું વાંચે છે ].

**નિયમ—म** થી શરુ થતા પ્રત્યય પહેલાં આવેલા **अ** નો **आ** થાય છે.

દા૦ ત૦—हस + मि = हसामि.

## अस (હોવું) નાં અનિયમિત રૂપો

| પુ. | એ. વ. | બ. વ. |
|---|---|---|
| प्र० | मि | मो |
| द्वि० | असि, सि, | त्थ |
| तृ० | अत्थि | सन्ति |

## ભૂતકાળ

[ પ્રત્યયો ] — [ રૂપો ]

| | | | | | |
|---|---|---|---|---|---|
| प्र., द्वि., तृ.पु. | इत्था | ईंसु | प्र., द्वि., तृ.पु. | हसित्था | हसिंसु |

**નોંધ**—આ પ્રમાણે आ, ए, ओ કારાન્ત ધાતુઓનાં રૂપો પણ ચલાવવાં. દા. ત. गाइत्था, गाइंसु; नेइत्था, नेइंसु; होइत्था, होइंसु વગેરે.

## કેટલાંક અનિયમિત ભૂતકાળનાં રૂપો

| | | | | | |
|---|---|---|---|---|---|
| **अब्बवी—बे** | ધાતુ, | સર્વ પુરુષ, | સર્વ વચન, | અનિયમિત | ભૂતકાળ |
| **अकासि—कर** | ,, | ,, | ,, | ,, | ,, |
| **अहोसि—हो** | ,, | ,, | ,, | ,, | ,, |
| **आसि—अस** | ,, | ,, | ,, | ,, | ,, |
| **वयासी—वय** | ,, | ,, | ,, | ,, | ,, |
| **कासि—कर** | ,, | ,, | ,, | ,, | ,, |

વાક્યો—नलो नाम राया आसि [ નળ નામે રાજા હતો. ] सो अब्बवी [ તે બોલ્યો. ] बाला एवं वयासी [ બાળકો આમ બોલ્યાં. ] रामो वणं गच्छित्था [ રામ વનમાં ગયા. ]

## ભવિષ્યકાળ

ભવિષ્યકાળના પ્રત્યયોના પ્રથમ અને દ્વિતીય એમ બે વિભાગ પાડવામાં આવ્યા છે કોઇ પણ ધાતુને કોઇ પણ વિભાગના પ્રત્યયો લગાડી શકાય છે.

**[ પ્રથમ વિભાગના પ્રત્યયો ]** [ રૂપો ]

| પુ. | એ. વ. | બ. વ. | એ. વ. | બ. વ. |
|---|---|---|---|---|
| प्र० | इस्सामि, इस्सं, | इस्सामो | हसिस्सामि, हसिस्सं | हसिस्सामो |
| द्वि० | इस्ससि | इस्सह | हसिस्ससि | हसिस्सह |
| तृ० | इस्सइ | इस्सन्ति | हसिस्सइ | हसिस्सन्ति |

આ પ્રમાણે आ, ए અને ओકારાન્ત ધાતુનાં પણ રૂપો ચલાવવાં દા૦ ત૦ गाइस्सामि, नेइस्सामि, होइस्सामि વગેરે

**[ દ્વિતીય વિભાગના પ્રત્યયો ]**

| પુ. | એ વ. | બ. વ. |
|---|---|---|
| प्र० | इहिमि, इहामि | इहिमो, इहामो |
| द्वि० | इहिसि | इहिह |
| तृ० | इहिइ | इहिन्ति |

[ રૂપો ]

| પુ. | એ. વ. | બ. વ. |
|---|---|---|
| प्र० | हसिहिमि, हसिहामि, | हसिहिमो, हसिहामो |
| द्वि० | हसिहिसि | हसिहिह |
| तृ० | हसिहिइ | हसिहिन्ति |

**નોંધ**—आ, ए, ओ કારાન્ત ધાતુઓને બીજા વિભાગના પ્રત્યયો લગાડતાં પ્રત્યયમાંના આદ્ય इ નો લોપ થાય છે. દા. ત.—नेहिमि, नेहामि; गाहिमि, गाहामि; होहिमि, વગેરે.

**નોંધ**—બીજા વિભાગના પ્રત્યયો લાગતાં कर ધાતુનો 'का' આદેશ થાય છે, અને તે 'गा' ધાતુ પ્રમાણે ચાલે છે. દા. ત. काहिमि,काहामो, વગેરે.

## અનિયમિત ભવિષ્યકાળ

કેટલાંક ધાતુઓનું ભવિષ્યકાળમાં અનિયમિત અંગ બને છે અને તેને વર્તમાન કાળના પ્રત્યયો લગાડવાથી ભવિષ્યકાળનાં રૂપો થાય છે.

## ભવિષ્યકાળનાં કેટલાંક અનિયમિત અંગો

| | |
|---|---|
| वय (બોલવું)- वोच्छ | सुण (સાંભળવું)- सोच्छ |
| भुञ्ज (જમવું)- भोच्छ | मुञ्च (છોડવું)- मोच्छ |
| छिन्द (તોડવું)- छेच्छ | विद (જાણવું)- वेच्छ |

**वय-वोच्छ** [ અનિ. ભૂ કા. અંગ ] **રૂપો**

| પુ. | એ. વ. | બ. વ. |
|---|---|---|
| प्र० | वोच्छामि, वोच्छं | वोच्छामो |
| द्वि० | वोच्छसि | वोच्छह |
| तृ० | वोच्छइ | वोच्छन्ति |

વાક્યો—(૧) अहं आसं आरोहिस्सामि (હું ઘોડાપર બેસીશ.) (૨) हरिस्स जणओ अज्ज आगच्छिस्सइ (હરિના પિતા આજે આવશે.) (૩) अहं नगरं गच्छिहामि (હું નગરમાં જઇશ.)

## આજ્ઞાર્થ

ઉપયોગ—આજ્ઞા, વિનન્તિ, ઉપદેશ અને ઇચ્છા વગેરે અર્થમાં આનો ઉપયોગ થાય છે. પ્રથમ પુરુષમાં આજ્ઞા લેવાના અથવા નિશ્ચયના અર્થમાં, દ્વિ. પુ. માં આજ્ઞા આપવાના અને તૃ. પુ. માં વિનંતિ અને આશીર્વાદના અર્થમાં આજ્ઞાર્થ વપરાય છે.

| [ પ્રત્યયો ] | | | [ રૂપો ] | |
|---|---|---|---|---|
| પુ. | એ. વ. | બ. વ. | એ. વ. | બ. વ. |
| प्र० | मु | मो | हसामु | हसामो |
| द्वि० | ०, सु, हि | ह | हस, हससु, हसाहि | हसह |
| तृ० | उ | अन्तु | हसउ | हसन्तु |

આ પ્રમાણે आ, ए, અને ओકારાન્ત ધાતુનાં રૂપો ચાલે છે. દા. ત. गामु, गामो; नेमु, नेमो; होमु, होमो. વિશેષ રૂપ–गायन्तु

વાક્યો अहं पाढसालं गच्छामु ? [ હું નિશાળે જાઉં ? ] पुत्थयं पढह । [ તું ચોપડી વાંચ. ] राया वग्घं हणउ । [ રાજા વાઘને મારે. ]

## વિધ્યર્થ

ઉપયોગ:—ઉપદેશ, આજ્ઞા, શક્યતા, ઇચ્છા વગેરેના અર્થમાં.

| [ પ્રત્યયો ] | | | [ રૂપો ] | |
|---|---|---|---|---|
| પુ. | એ. વ. | બ. વ. | એ. વ. | બ. વ. |
| प्र० | एज्जा, एज्जामि, | एज्जाम | हसेज्जा, हसेज्जामि | हसेज्जाम |
| द्वि० | ,, एज्जासि-हि | एज्जाह | ,, हसेज्जासि-हि | हसेज्जाह |
| तृ० | ए, एज्जा, | एज्जा | हसे, हसेज्जा | हसेज्जा |

આવી રીતેજ गा ધાતુનાં રૂપો ચલાવવાં, દા. ત. गाएज्जा, गाएज्जामि, गाएज्जाम.

**નોંધ**—ए અને ओ કારાન્ત ધાતુને આ પ્રત્યયો લગાડતી વખતે પ્રત્યયના આદ્ય ए નો લોપ થાય છે. દા. ત. ने+एज्जामि=नेज्जामि; हो+एज्जामि=होज्जामि.

## વિધ્યર્થનાં કેટલાંક અનિયમિત રૂપો

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **कुज्जा—कर** | ધાતુ | ધણું | કરીને | તૃતીય | પુરૂષ | એક વચન |
| **सिया—अस** | ” | ” | ” | ” | ” | ” |
| **बूया—बे** | ” | ” | ” | ” | ” | ” |
| **हाणिया—हण** | ” | ” | ” | ” | ” | ” |

વાક્યોઃ—( १ ) मुणिणो वणे वसेज्जा ! [મુનીઓએ વનમાં રહેવું જોઇએ ]

(२) असच्चं न बूया [ અસત્ય ન બોલવું જોઇએ. ]

(३) तुम्हे णिच्चं पढेज्जाह [ તમારે દરરોજ વાંચવું જોઇએ. ]

## સંકેતાર્થ

કર્તરી વર્તમાન કૃદન્તને પ્રથમા વિ. માં મૂકીને સંકેતાર્થ બને છે. દા. ત.
१.—जइ वावारं करेन्तो तो धणं लहन्तो. [ જો વેપાર કરત તો ધન મેળવત. ]
૨—जइ धम्मं चरेन्ता तो सुहिणो होन्ता. [ જો ધર્મનું પાલન કરત તો સુખી થાત. ]

# પ્રકરણ પાંચમું

## વિશેષણ-કૃદન્તો

ધાતુને “इय” “इयवन्त” વગેરે कृत् પ્રત્યયો લગાડીને બનાવેલાં વિશેષણો “**વિશેષણ-કૃદન્તો**” કહેવાય છે. આ વિશેષણો ધાતુ પરથી બનેલાં હોવાથી તેમને **ધાતુસાધિત વિશેષણો** પણ કહે છે. આ **વિશેષણ-કૃદન્તો** અર્ધ માગધીમાં પાંચ પ્રકારના છે.

**(१) कर्मणि भूत कृदन्त (२) कर्तरि भूत कृदन्त (३) कर्मणि वर्तमान कृदन्त (४) कर्तरि वर्तमान कृदन्त (५) कर्मणि विध्यर्थ कृदन्त** આ બધાં કૃદન્તોનાં રૂપો નામ પ્રમાણે ચાલે છે.

**१–कर्मणि भूत कृदन्त**-ધાતુને 'इय' પ્રત્યય લગાડીને **कर्म. भू. कृ.** બને છે. દા. ત.–हस+इय=हसिय, गा+इय=गाइय, સ્ત્રીલિંગી રૂપ–हसिया, गाइया

## કેટલાંક મહત્વનાં અનિયમિત કર્મ૦ ભૂ૦ કૃદન્તો

गम (જવું)- गय; मर (મરવું)-मय; सुण (સાંભળવું)-सुय; कर (કરવું)-कय; जाण (જાણવું)–नाय; गा (ગાવું)- गीय; ने (લઈજવું)-नीय; हण (મારવું)-हय; ठा (ઉભું રહેવું)-ठिय; पाव (પહોંચવું)-पत्त; पविस (પ્રવેશક૦)- पविट्ठ; दा (આપવું)-दिन्न; पास (જોવું)-दिट्ठ; डह (બળવુ) डड्ढ; नस (નાશ થવો.)-नट्ठ; तर (તરવું)-तिण्ण; लह (મેળવવું)–लद्ध; बन्ध (બાંધવું)- बद्ध; आयर (આચરવું)- आइण्ण; आरूह (ચઢવું)–आरूढ.

ઉપયોગ—આ કૃદન્તનો વાકયમાં ઉપયોગ વિશેષણ તરીકે તેમજ ભૂતકાળ માં ક્રિયાપદને બદલે થાય છે, દા. ત. વિશેષણ તરીકે–रूक्खाओ **पडियाइं** फलाइं भक्खामि (ઝાડપરથી **પડેલાં** ફળો ખાઉં છું.) ભૂ. કા. માં ક્રિયાપદને બદલે.—तेहिं दारगो **पुच्छिओ** (તેમણે બાળકને પુછયું)

**નિયમ** ૧—ધાતુ સકર્મક હોય અને કર્મ વાકયમાં હોય તો કર્તાની ત્રીજી વિભકિત ,કર્મની પહેલી વિભકિત અને કર્મ. ભૂ. કૃ. નું લિંગ, વિભકિત, વચન કર્મ પ્રમાણે દા. ત.—(१) तेहिं **दारगो पुच्छिओ** (२) निवेण **दिक्खा गहिया** (રાજાએ **દીક્ષા લીધી**)

**નિયમ** ૨—ધાતુ સકર્મક હોય અને કર્મ જો અધ્યાહ્રત હોય (વાકયમાં ન હોય) તો કર્તા ત્રીજી વિભકિતમાં અને **કર્મ. ભૂ. કૃ.** ને નપુંસકલિંગ પ્રથમા એક વચનમાં મૂકવું. દા. ત. तेहिं पुच्छियं (તેમણે પૂછયું).

**નિયમ** ૩—ધાતુ અકર્મક હોય તો–કર્તાની પહેલી વિભકિત અને **કર્મ. ભૂ.**

કૃ. નું લિંગ, વિભક્તિ, વચન કર્તા પ્રમાણે. દા. ત. (૧) हत्थी **मओ**। ( હાથી મરી ગયો. ) (૨) बाला **उट्ठिया**। ( બાળકો ઉભાં થયાં. )

**૨ कर्तरि भूत कृदन्त**-कर्म भू. कृ. ने **'वन्त'** પ્રત્યય લગાડવાથી **कर्तरि भू.कृ.** બને છે. દા. ત.—हासिय+वन्त=हासियवन्त; (સ્ત્રીલિંગ રૂપ) हसियवन्ती.

**નોંધ**—આ કૃદન્તનો ઉપયોગ વાકયમાં બહુજ ઓછો થાય છે.

**३ कर्मणि वर्तमान कृदन्त** ધાતુના કર્મણિ અંગને **'अन्त'** અથવા **'माण'** પ્રત્યય લગાડવાથી **कर्म.वर्त.कृ.** બને છે. દા. ત.—हासिज्ज+अन्त=हासिज्जन्त; कीर+अन्त=कीरन्त; हसिज्जमाण; कीरमाण. ( સ્ત્રીલિંગી રૂપ ईकारान्त કરીને ) हसिज्जन्ती; कीरमाणी.

**નોંધ**—કર્મણિ અંગ માટે જુઓ—પ્રકરણ ૯ મું.

ઉપયોગ—વિશેષણ તરીકે, દા. ત.—विज्जा **दिज्जमाणी** वड्ढइ। ( વિદ્યા અપાતી [ આપવાથી ] વધે છે. )

આ કૃદન્તનો ઉપયોગ પણ અર્ધમાગધીમાં બહુજ ઓછો થાય છે.

**४ कर्तरि वर्तमान कृदन्त** ધાતુને **'अन्त'** અથવા **'मान'** પ્રત્યય લગાડીને **कर्त. वर्त. कृ.** બને છે. દા. ત:—हस+अन्त=हसन्त, हस+माण=हसमाण.

નિયમ **१**—**कर्त. वर्त. कृ.** બનાવતાં ધાતુ આકારાન્ત હોય તો ધાતુ અને પ્રત્યયની વચ્ચે **'य'** મુકાય છે. દા.ત.—गा+अन्त=गायन्त; गा+माण=गायमाण.

નિયમ ૨—**कर्त. वर्त. कृ.** બનાવતાં **ए** અને **ओ**કારાન્ત ધાતુ પછી **अन्त** નો **अ** લોપાય છે. દા. ત.—ने+अन्त=नेन्त; हो+अन्त=होन्त; સ્ત્રીલિંગી રૂપો—**हसन्ती, हसमाणी.**

ઉપયોગ—વિશેષણ તરીકે અને સંકેતાર્થ માટે. દા. ત.–વિશેષણ તરીકે-(૧) सो **जलन्तं** वणं पविट्ठो। (તેણે બળતા વનમાં પ્રવેશ કર્યો.) (૨) मग्गंमि **गच्छन्तेण** तेण सप्पो दिट्ठो। ( માર્ગમાં જતાં તેણે સાપ જોયો )

સંકેતાર્થ માટે-जइ वावारं **करेन्तो** तो धणं लहन्तो। (જો વ્યાપાર કરત તો ધન મેળવત.)

**૫ कर्मणि विध्यर्थ कृदन्त-**અકારાન્ત ધાતુને '**इयव्व**' અથવા '**णिज्ज**' અનેआ,ए, ओકારાન્ત ધાતુને '**यव्व**' પ્રત્યય લગાડીને **कर्म. वि. कृ.** બને છે. દા. ત.-हस+इयव्व=हसियव्व; हस+णिज्ज=हसाणिज्ज; गा+यव्व=गायव्व.

**કેટલાંક અનિયમિત કર્મણિ વિધ્યર્થ કૃદન્તો—**

सुण (સાંભળવું)- सोयव्व; वय (બોલવું)-वोत्तव्व; घे (લેવું)-घेत्तव्व; गम (જવું)-गन्तव्व; भुञ्ज (ખાવું)-भोत्तव ; मुञ्च ( છોડવું )-मोत्तव्व; कर (કરવું)-कायव्व

दे (આપવું)-दायव्व; ना (જાણવું)-नेय; ने (લઇજવું) नेय; गा (ગાવું) गेय; पा (પીવું) पेय; સ્ત્રીલિંગી રૂપ-वन्दणिज्जा; वोत्तव्वा.

ઉપયોગ— વિધ્યર્થ ક્રિયા તરીકે અને વિશેષણ તરીકે દા. ત.—

(૧) વિધ્યર્થ ક્રિયા તરીકે—बालेहिं सच्चं **वोत्तव्वं**। ( બાળકોએ સાચું બોલવું જોઇએ. ) जणेहिं पाणिवहो न **कायव्वो**। ( લોકોએ પ્રાણીઓનો વધ ન કરવો )

(૨) વિશેષણ તરીકે— **वन्दणिज्जा** साहुणो ( સાધુઓ વંદનીય છે. ) **पढणिज्जं** पुत्थयं ( ચોપડી વાંચવા યોગ્ય છે.)

---

# પ્રકરણ છઠ્ઠું

## અવ્યય કૃદન્તો

અવ્યય કૃદન્તો ના બે પ્રકાર છે.—

(૧) **संबन्धक भूत कृदन्त** ( ल्यबंत )

(૨) **हेत्वर्थक कृदन्त** ( तुमंत )

**(१) संबन्धक भूत कृदन्त**—अकारान्त धातुने **इऊण**; **आ**कारान्त धातुने 'ऊण' अने बधा धातुओने **इत्ता, एत्ता, इत्ताणं, एत्ताणं, इत्तु, एत्तु** आ प्रत्ययो लगाडीने **सं. भू. कृ.**, थाय छे. दा. त. हस+इऊण=हसिऊण; गा+ऊण=गाऊण; हस+इत्ता=हसित्ता; गा+इत्ता=गाइत्ता वगेरे.

## કેટલાંક અનિયમિત સં. ભૂ. કૃદન્તો

| | |
|---|---|
| **घे** ( લેવું ) — **घेत्तूण, गहाय** | **सुण** (સાંભળવું)— **सोऊण** |
| **भुञ्ज** (જમવું)— **भोत्तूण** | **कर** (કરવું)— **काऊण, किच्चा** |
| **हण** ( મારવું )— **हन्तूण** | **ठा** (ઉભું રહેવું)—**ठिच्चा** |
| **गम** ( જવું )— **गन्तूण** | **ना** (જાણવું)—**नच्चा** |
| **निसम** (સાંભળવું) —**निसम्म** | **समे** (ભેગા મળવું)—**समिच्च** |

ઉપયોગ—કર્તા એક ક્રિયા પૂરી કરીને જ્યારે બીજી ક્રિયા કરે છે ત્યારે પહેલી ક્રિયા દર્શાવવા માટે આ અવ્યય કૃદન્તોનો ઉપયોગ થાય છે.

દા. ત.—कुमारो **हसिऊण** भणइ । [ કુમાર હસીને કહે છે. ] रामो जणयं **वन्दित्ता** वणं गओ । ( રામ પિતાને વંદન કરીને વનમાં ગયો )

**(२) हेत्वर्थक कृदन्त**—**अ**कारान्त धातुने **'इउं'**, **आ, ए, ओ**कारान्त धातुने **'उं'**, तेमज बधा धातुओने **इत्तए, एत्तए** प्रत्यय लगाडवाथी **हे. कृ.** बने छे. दा. त.—हस+इउं=हसिउं; गा+उं=गाउं;हस+इत्तए=हसित्तए; गा+इत्तए=गाइत्तए.

## કેટલાંક અનિયમિત હેત્વર્થક કૃદન્તો

| | |
|---|---|
| **कर** (કરવું)— **काउं, कट्टुं** | **जुज्झ** (યુદ્ધ કરવું)—**जोद्धुं** |
| **गम** (જવું)— **गन्तुं** | **लह** (મેળવવું)—**लद्धुं** |
| **घे** (લેવું)— **घेत्तुं** | **पास** (જોવું)— **दट्ठुं** |

ઉપયોગ—ક્રિયાનો હેતુ દર્શાવવા માટે આ અવ્યય કૃદન્તો થાય છે દા.ત.–
बालो **पढिउं** पाढसालं गओ । ( બાળક ભણવા માટે નિશાળે ગયો. ) रामो रक्खसेहिं समं **जोद्धुं** पयट्टो । ( રામ રાક્ષસો સાથે યુદ્ધ કરવા લાગ્યો. )

---

# પ્રકરણ સાતમું

## પ્રયોજક ( પ્રેરક )

**प्रेरक क्रिया**—જ્યારે બીજાને પ્રેરણા આપી કોઇપણ ક્રિયા કરવામાં આવે ત્યારે તે ક્રિયાને **प्रयोजक** ક્રિયા કહેવાય છે. દા. ત.—વાંચવું-વંચાવવું.

**प्रेरक अंग**—અર્ધમાગધીમાં ધાતુનું પ્રેરક અંગ બનાવતી વખતે अकारान्त ધાતુને **'आवे'**, आकारान्त ધાતુને **'वे'**, **ए**, ओकारान्त ધાતુને **'यावे'** પ્રત્યય લાગે છે. દા. ત.—**हस+आवे=हसावे** ( હસાવવું ), **गा+वे=गावे**, **ने+यावे=नेयावे** ।

## કેટલાંક અનિયમિત પ્રેરક અંગો

**कर–करे, लभ–लाभे, पड–पाडे, वह–वाहे** ।

**નોંધ**—બધા પ્રયોજક ક્રિયાપદોનાં રૂપો **ए**કારાન્ત ધાતુ પ્રમાણે ચાલે છે. દા. ત.—**प्र. पु.–पाडेमि, पाडमो. द्वि. पु.–पाडेसि, पाडेह. तृ. पु.–पाडेइ, पाडेन्ति** ।

વાકયો—**सीसो पढइ** । ( સાદું ) **गुरू सीसं पढावेइ** । (પ્રયોજક)

**बालो हसइ** । (સાદું વાકય) **जणणी बालं हसावेइ** । (પ્રેરક વાકય)

**નોંધ**—પ્રેરક વાક્ય બનાવતી વખતે સાદા વાકયની ક્રિયાને પ્રેરક રૂપમાં મુકી કર્તાને દ્વિતીયા વિભક્તિમાં કર્મ તરીકે મુકવો અને પ્રેરણા આપનાર વ્યક્તિને કર્તા તરીકે પ્રથમા વિભક્તિમાં મુકવો.

---

# પ્રકરણ આઠમું

## નામ ધાતુ

જ્યારે કોઇપણ નામનો ક્રિયાપદ તરીકે ઉપયોગ કરવામાં આવે ત્યારે તેને **નામ ધાતુ** એમ કહે છે.

નામને '**ए**' અથવા '**आवे**' પ્રત્યય લગાડીને **નામ ધાતુ** બને છે. દા. ત.—**आहार+ए=आहारे, सह+आवे=सहावे** ।

**નોંધ**–બધા નામ ઘાતૂ **ए**કારાન્ત ધાતુ પ્રમાણે ચાલે છે. ધાતુને '**वे**' '**आवे**' અથવા '**यावे**' પ્રત્યય લગાડવાથી ક્રિયાનું **પ્રેરક અંગ** બને છે, ત્યારે નામને '**ए**','**आवे**' પ્રત્યય લગાડવાથી **નામ ધાતુ** નું અંગ બને છે. વિદ્યાર્થીઓએ આ ફરક ધ્યાનમાં રાખવો.

---

# પ્રકરણ નવમું

## પ્રયોગ

પ્રયોગ ત્રણ પ્રકારના છે. **(૧) कर्तरि (૨) कर्मणि (૩) भावे.**

૧ **कर्तरि प्रयोग**—આ પ્રયોગના બે પ્રકાર છે. **सकर्मक कर्तरि** અને **अकर्मक कर्तरि.**

**सकर्मक कर्तरि**—આ પ્રયોગમાં કર્તાની પહેલી વિભકિત કર્મની બીજી અને ક્રિયાપદનો કર્તાની સાથે સંબંધ હોય છે. કર્તાના પુરુષ, વચન સાથે ક્રિયાપદનાં પુરુષ વચન બદલાય છે. દા. ત.—**कुंभारो** घडे **करेइ । कुंभारा** घडे **करेन्ति । अहं** फलं **भक्खामि । अम्हे** फलं **भक्खामो ।**

**अकर्मक कर्तरि**-આ પ્રયોગમાં કર્તાની પહેલી વિભકિત. ક્રિયાનો કર્તા સાથે સંબંધ અને ક્રિયા અકર્મક હોય છે. દા. ત —**बालो हसेइ। बाला हसन्ति।**

૨ **कर्मणि प्रयोग**—જ્યારે કર્તા ક્રિયાનો ભાર પોતાનાપર ન લઇ તે કર્મ પર નાખે છે. ત્યારે **कर्मणि प्रयोग** બને છે આ પ્રયોગમાં કર્તાની ત્રીજી વિભકિત,કર્મની પહેલી વિભકિત અને કર્માણ ક્રિયાનો કર્મ સાથે સંબન્ધ હોય છે. દા. ત.—कुमारेण **घडो कीरइ** । कुंमारेण **घडा कीरान्ति ।**

પહેલા વાકયમાં ઘડો એ કર્મ તૃ૦ પુ૦ એ૦ વ૦ માં છે માટે ક્રિયાપણ તૃ૦ પુ૦ એ૦ વ૦ માં મુકવામાં આવી છે. બીજા વાકયમાં કર્મ એટલે ઘડા તૃ૦ પુ૦ બહુવચનમાં છે માટે ક્રિયાપણ તૃ૦ પુ૦ બ૦વચનમાં મુકવામાં આવી છે.

**कर्मणि क्रिया**—ધાતુના કર્મણિ અંગને વર્તમાન, ભૂત, ભવિષ્ય, વગેરે કાળ અને આજ્ઞાર્થ, વિધ્યર્થ વગેરે અર્થના પ્રત્યયો લગાડવાથી તે તે કાળ અને અર્થની **कर्मणि क्रिया** બને છે. દા૦ ત૦—हसिज्ज+इ=हसिज्जइ, हसिज्जित्था, हसिज्जउ; कीर+इ=कीरइ, कीरउ.

**कर्मणि अंग**-બધા ધાતુઓને ' **इज्ज** ' પ્રત્યય લગાડવાથી **कर्मणि अंग** બને છે. દા૦ ત૦—हस+इज्ज=हसिज्ज, गा+इज्ज=गाइज्ज ।

## કેટલાંક અનિયમિત કર્મણિ અંગો

| | |
|---|---|
| **लह** ( મેળવવું )—**लब्भ** | **डह** ( બળવું ) —**डज्झ** |
| **बन्ध** ( બાંધવું )—**बज्झ** | **दे** ( આપવુ ) —**दिज्ज** |

| | |
|---|---|
| जाण ( જાણવું )—नज्ज | तर ( તરવું ) —तीर |
| कर ( કરવું ) —कीर | पास ( જોવું ) —दीस |
| मुञ्च ( છોડવું )—मुच्च | |

**३ भावे**—અકર્મક કર્તરિ પ્રયોગને બદલાવવાથી ભાવે પ્રયોગ બને છે. **भावे** પ્રયોગમાં કર્તાની ત્રીજી વિભક્તિ તથા ક્રિયાનું સ્વરૂપ કર્મણિ ક્રિયા જેવું હોય છે, અને તે હમેશાં તૃતીય પુરુષ એક વચનમાંજ રહે છે. દા. ત.—

**बालेण हसिज्जइ । बालेहिं हसिज्जइ ।**
**मए हसिज्जइ । तुम्हेहिं हसिज्जइ ।**

**નિયમ ૧**—પ્રયોગ બદલતી વખતે મૂળ પ્રયોગનો કાળ અથવા અર્થ બદલવો નહીં. તેમજ કર્તા, તેનાં વિશેષણો, કર્મ, તેનાં વિશેષણો તથા ક્રિયા-પદ છોડીને વાક્યમાં આવેલા બાકીના શબ્દો પણ બદલવા નહીં. દા. ત.—

**परवसणंमि सुहेण संसाराणिच्चयं कहेइ लोगो ।** ( કર્તરિ )
**परवसणंमि सुहेण संसाराणिच्चयं कहिज्जइ लोगेण ।** ( કર્મણિ )

| સકર્મક કર્તરિ | કર્મણિ |
|---|---|
| **राहू चन्दं गिलइ ।** | **राहुणा चन्दो गिलिज्जइ ।** |
| **समणा धम्मं कहेन्ति ।** | **समणेहिं धम्मो कहिज्जइ ।** |

| અકર્મક કર્તરિ | ભાવે |
|---|---|
| **बाला कीलन्ति ।** | **बालेहिं कीलिज्जइ ।** |
| **सा हसिउण जंपइ ।** | **तीए हसिउण जंपिज्जइ ।** |

# પ્રકરણ દસમું

## સન્ધિ

૧—અર્ધમાગધીમાં જુદા જુદા બે પદોના સ્વરોની સંધિ થાયજ એવું બન્ધન નથી.દા. ત.—नर+अहिवो=**नर अहिवो** અથવા **नराहिवो.**

૨—**अ** અથવા **आ** પછી **अ** અથવા **आ** આવે તો બન્ને સ્વરોની સંધિ **आ** થાય દા. ત.—**सार+असार–सारासार; जल+आवास=जलावास; तहा+अवि=तहावि; जहा=आगओ=जहागओ ।**

૩—**अ** અથવા **आ** પછી **इ** અથવા **ई** આવે તો બન્ને સ્વરોની સન્ધિ **ए** થાય. દા. ત.—**राय+इसी=राएसी; नर+ईसरो=नरेसरो; महा+इसरो=महेसरो ।**

કેટલીક વાર **अ, आ** પછી **ई** આવે તો બન્નેની સંધિ **ई** થાય છે. દા.ત.-**राय+ईसरो=राईसरो; महा+ईसरो=महीसरो ।**

૪—**अ** અથવા **आ** પછી **उ** અથવા **ऊ** આવે તો બન્નેની સન્ધિ **ओ** થાય છે. દા. ત.—**सीय+उदगं=सीओदगं, नीसास+ऊसासो=नीसासोसासो; महा+उरगो=महोरगो; महा+ऊसवो=महोसवो ।**

કેટલીક વાર **अ आ** પછી **ऊ** આવે તો બન્નેની સન્ધિ **ऊ** થાય છે. દા. તઃ—**नीसास+ऊसासो=नीसासूसासो; महा+ऊसवो=महूसवो ।**

૫—**अ** અથવા **आ** પછી **ए** આવે તો બન્નેની સન્ધિ **ए** થાય છે. દા. તઃ—**इह+एव=इहेव; तहा+एव=तहेव ।**

૬—**अ** અથવા **आ** પછી **ओ** આવે તો બન્નેની સન્ધિ **ओ** થાય છે. દા. ત.—**वण+ओसही=वणोसही., महा+ओसही=महोसही ।**

૭—इ અથવા ई પછી इ અથવા ई આવે તો બન્નેની સન્ધિ ई થાય છે. દા. ત.—मुणि+इण=मुणीण , पुहवी+ईसो=पुहवीसो ।

૮—उ અથવા ऊ પછી उ અથવા ऊ આવે તો બન્નેની સન્ધિ ऊ થાય છે. દા. ત.—साहु+उवयारो=साहूवयारो; संभू+ऊसवो=संभूसवो ।

૯—आ, ई, ऊ પછી સંયુકત વ્યંજન આવે તો તેમને બદલે अ, इ, उ થાય છે. દા. ત.—गच्छ+अन्ति=गच्छान्ति, मुणि+इन्द्=मुणिन्द, बाहु+उद्धरिय=बाहुद्धरिय !

## સંધિ નિષેધ

૧૦—વ્યંજનોનો લોપ થઇને બાકી રહેલા બે સ્વરોમાં સન્ધિ થતી નથી. દા. ત.—यति=जइ, वियोग=विओग.

૧૧—પ્રત્યયમાં જો એક જ સ્વર હોય તો તેની સાથે સંધિ થતી નથી. દા. ત—हस+इ=हसइ, गच्छ+उ=गच्छउ.

૧૨—પહેલા શબ્દનો છેવટનો સ્વર જો अ અથવા आ ન હોય તો વિજાતીય સ્વરો સાથે સંધિ થતી નથી. દા. ત.—एयंमि+अंतरे=एयंमि-अन्तरे, गिहे+अच्छइ=गिहेअच्छइ, आरूढो+उवरिं=आरूढोउवरिं

## કેટલીક અનિયમિત સંધિઓ

(i) अन्न+अन्न=अन्नमन्न; एग+एग=एगमेग; एक्क+एक्क=एक्कमेक्क ।

(ii)—धि+अत्थु=धिरत्थु; पुण+अवि=पुणरवि અથવા पुणोवि; चउ+अंगुलं=चउरंगुलं; नि+अन्तर=निरंतर; नि+आपद्=निरापद; दु+अंगुलं=दुरंगुलं; कवी+इव=कविरिव ।

(iii)—त+अन्तिए=तयन्तिए; त+अणन्तरं=तयणन्तरं; स+भिक्खु=सब्भिक्खु; स+जणो=सज्जणो; त+निमित्तेण=तन्निमित्तेण; नि+करुणो=निक्करुणो.

(iv) तव+धणो=तवोधणो; तव+कम्मं=तवोकम्मं, जस+कामी=जसोकामी; एवं+एव=एवमेव અથવા एवामेव; खिप्पं+एव=खिप्पमेव અથવા खिप्पामेव; तं+एव=तमेव અથવા तामेव; जं+एव=जामेव ।

---

# પ્રકરણ અગ્યારમું

## સમાસ

સમાસના મુખ્ય ચાર પ્રકાર છે.—(૧) द्वंद्व (૨) तत्पुरुष (૩) बहुव्रीहि અને (૪) अव्ययी भाव.

૧—द्वंद्व—આ સમાસ કરવા માટે च અથવા य નો પ્રયોગ કરવામાં આવે છે. છેલ્લા નામની જાતિ આખા સમાસને લાગી સમાસ બહુવચનમાં કરવામાં આવે છે. દા. ત.—देवा य दाणवा य=**देवदाणवा**, नरा य नारीओ य=**नरनारीओ** ।

આ द्वंद्व સમાસ જ્યારે સમૂહ બતાવતો હોય ત્યારે **समाहार द्वंद्व** ના નામે ઓળખાય છે, અને તે હમેશાં નપુંસકલિંગ એક વચનમાં મુકાય છે. ( શરીરના અવયવો બતાવતાં નામો, સ્વાભાવિક વેરવાળાં પ્રાણીઓનાં નામો તથા સ્વાભાવિક વિરોધ દર્શાવનારાં નામોમાં સમાહાર द्वंद्व સમાસ થાય છે. ) દા. ત.—

**पाणिपायं**—पाणी य पाया य तेसिं समाहारो ।

**अहिनउलं**—अही य नउलो य तेसिं समाहारो।

**गुणदोसं**—गुणा य दोसा य तेसिं समाहारो।

२—तत्पुरुष પ્રકાર—(१) **विभाक्ति तत्पुरुष** (२) **नञ् तत्पुरुष** (३) **उपपद तत्पुरुष** (४) **अलुक् तत्पुरुष** (५) **मध्यमपदलोपी** (६) **कर्मधारय** અને (७) **द्विगु.**

(१) **विभाक्ति तत्पुरुष**—આ સમાસમાં પહેલું પદ બીજા પદનો નિશ્ચિત અર્થ આપે છે અને વિગ્રહ કરતાં દ્વિતીયાથી સપ્તમી સુધી કોઇ પણ એક યોગ્ય વિભક્તિમાં મુકાય છે. દા. ત.—

द्वि. त.—**हयारूढो**—हयं आरूढो।

तृ. त.—**सुरवंदिओ**—सुरेहिं वंदिओ।

च. त.—**भिक्खाचरिया**—भिक्खाए चरिया।

पं. त.—**धम्मभट्ठो**—धम्माओ भट्ठो।

ष. त.—**देवमंदिरं**—देवस्स मंदिरं।

स. त.—**गिहवासो**—गिहे वासो।

(२) **नञ तत्पुरुष**—પહેલું પદ નકારાથી अ અથવા अण અને બીજું પદ નામ હોય છે. દા. ત.—**अलोहो**—न लोहो; **अणगारो**- न अगारो।

(३) **उपपद तत्पुरुष**—પહેલું પદ નામ અને બીજું પદ સ્વતંત્ર ન ? આવી શકે તેવું કૃદન્ત હોય છે. દા. ત.—**कुंभकारो**—कुंभं करेइ त्ति।

(४) **अलुक् तत्पुरुष**—આ સમાસમાં પહેલા પદની વિભક્તિ કાયમ રહે છે. દા. ત.—**वणेचरो**—वणे चरइ सो; **अन्तेवासी** अन्ते वसइ सो।

(५) **मध्यम पद लोपी**—બે પદોની વચ્ચે રહેલા પદનો લોપ થાય છે. દા. ત —**चिंतामणी**—चिंता पूरगो मणी; **गंधहत्थी**—गंध विसिट्ठो हत्थी।

(६) **कर्मधारय**-(१) પહેલું પદ વિશેષણ અને બીજું પદ નામ હોય તો-

**नीलकमलं**–नीलं कमलं; **सुहकम्माइं**–सुहाइं कम्माइं ।

(૨) પહેલું પદ નામ અને બીજું પદ વિશેષણ હોય તો–

**घणनीलो**–घणो इव नीलो ।

(૩) બન્ને પદ નામ હોય તો–

**मुहकमलं**–मुहं कमलं इव ।

(૪) બન્ને પદ વિશેષણ હોય તો–

**सुत्तजागरिया**–पढमं सुत्ता पच्छा जागरिया ।

(૫) પહેલું પદ ઉપસર્ગ અને બીજું પદ નામ હોય તો–

**सुजणो**–साहु जणो; **दुज्जणो**–दुट्ठो जणो ।

**(૭) द्विगु**—આ સમાસમાં પહેલું પદ સંખ્યાવાચક હોય છે, અને આખો સમાસ નપુંસકલિંગી એકવચનમાં થઈ સમુદાયનો બોધ કરાવે છે. દા. ત.—**तिहुवणं**–तिण्हं भुवणाणं समाहारो ।

**३–बहुव्रीहि**—સમાસમાંના બન્ને પદો મળીને તૃતીય વસ્તુને બતાવે છે. સમાસનો વિગ્રહ કરતાં બન્ને પદોનો સંબન્ધ न શબ્દની દ્વિતીયા થી લગાડીને સપ્તમી સુધીની વિભક્તિઓમાંથી એક વિભક્તિ થી દર્શાવવામાં આવે છે. દા. ત.—

દ્વિ. બ.—**पत्तोदगो**—पत्तं उदगं जं सो ।

તૃ. બ.—**कयपुण्णो**—कयं पुण्णं जेण सो ।

ચ. બ.—**दिण्णाहारो**—दिण्णो आहारो जस्स सो ।

પં. બ.—**गयभओ**—गयं भयं जाओ सो ।

ષ. બ.—**चउभुओ**—चत्तारि भुया जस्स सो ।

સ. બ.—**बहुरयणा**—बहूणि रयणाणि जीए सा (पुढवी) ।

**નોંધ**—વિગ્રહ કરતી વખતે બન્ને પદો જો એકજ વિભક્તિ લે તો તે **(१) समानाधिकरण बहुव्रीहि** કહેવાય; અને જો જૂદી જૂદી વિભક્તિ લે તો **(२) व्यधिकरण बहुव्रीहि** કહેવાય. ઉપરના બધા ઉદાહરણો સમાનાધિકરણ બહુવ્રીહિ ના છે.

**व्यधिकरण बहुव्रीहि** નું ઉદાહરણ—

**भालचन्दो**—भाले चन्दो जस्स सो।

આ સમાસમાં भाले સાતમી વિભક્તિ છે અને चन्दो પહેલી વિભક્તિ છે. માટે **व्यधिकरण बहुव्रीहि** સમાસ કહેવાય.

**(३) उपमादर्शक बहुव्रीहि**—

**कमलनयना**—कमलाइं इव नयणाइं जीसे सा।

**(४) नञ बहुव्रीहि**—પહેલું પદ નકારાર્થી 'अ' અથવા '**अण**' અને બીજું પદ નામ. બન્ને મળીને તૃતીય વસ્તુને બતાવે છે. દા. ત.—

**अपुत्तो**—अविज्जमाणो पुत्तो जस्स सो।

**अणगारो**—अविज्जमाणं अगारं जस्स सो।

**(५) सह बहुव्रीहि**—પહેલું પદ 'સાથે' અર્થ બતાવતો **स** અથવા **सह** અને બીજું પદ નામ—

**साणुराओ**—अणुराएण सहिओ।

**सहायरो**—समाणं उयरं जस्स सो।

**४ अव्ययी भाव**—પહેલું પદ અવ્યય, બીજું પદ નામ અને બન્ને પદો મળીને ક્રિયા વિશેષણ અવ્યય બને છે. સમાસ નપુંસકલિંગ એક વચનમાં થાય છે. દા. ત.—**अणुदिणं**—दिणे दिणे। **अभिमुहं**—मुहं अभि। **जहक्कमं**—उचिएण कमेण।

**संयुक्त समास**—ત્રણ અથવા તેના કરતાં વધારે પદોના સમાસને संयुक्त

સમાસ કહે છે. દા. ત.— **देवमणुस्सपरिवुडो**–देवा य मणुस्सा य देवमणुस्सा (દ્વં૰); देवमुणुस्सेहिं परिवुडो–(તૃતીયા ત૰)

**अविणयफलं**—न विणओ अविणओ (न. तं.); अविणयस्स फलं–(ષષ્ઠી ત.)

# પ્રકરણ બારમું

## સંખ્યાવાચક વિશેષણો

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| १ | एग | १९ | एगूणवीस | ३७ | सत्ततीस | ५५ | पंचावण्ण |
| २ | दो | २० | वीस | ३८ | अडतीस | ५६ | छपण्ण |
| ३ | ति | २१ | एगवीस | ३९ | एगूणचत्तालीस | ५७ | सत्तावण्ण |
| ४ | चउ | २२ | बावीस | ४० | चत्तालीस | ५८ | अट्ठावण्ण |
| ५ | पंच | २३ | तेवीस | ४१ | एगचत्तालीस | ५९ | एगूणसट्ठि |
| ६ | छ | २४ | चोवीस | ४२ | बेयालीस | ६० | सट्ठि |
| ७ | सत्त | २५ | पंणवीस | ४३ | तेयालीस | ६१ | एक्कसट्ठि |
| ८ | अट्ठ | २६ | छव्वीस | ४४ | चोयालीस | ६२ | बासट्ठि |
| ९ | नव | २७ | सत्तावीस | ४५ | पणचालीस | ६३ | तेसट्ठि |
| १० | दस | २८ | अट्ठावीस | ४६ | छायालीस | ६४ | चोसट्ठि |
| ११ | एगारह | २९ | एगूणतीस | ४७ | सत्तयालीस | ६५ | पणसट्ठि |
| १२ | बारह | ३० | तीस | ४८ | अडयालीस | ६६ | छासट्ठि |
| १३ | तेरह | ३१ | एगतीस | ४९ | एगूणपण्णास | ६७ | सडसट्ठि |
| १४ | चउद्दह | ३२ | बत्तीस | ५० | पण्णास | ६८ | अडसट्ठि |
| १५ | पण्णरह | ३३ | तेत्तीस | ५१ | एक्कावण्ण | ६९ | एगूणसत्तरि |
| १६ | सोळह | ३४ | चोत्तीस | ५२ | बावण्ण | ७० | सत्तरि |
| १७ | सत्तरह | ३५ | पणतीस | ५३ | तेवण्ण | ७१ | एगसत्तरि |
| १८ | अट्ठारह | ३६ | छत्तीस | ५४ | चउवण्ण | ७२ | बाहत्तरि |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ७३ | तेवत्तरी | ८२ | बासीइ | ९१ | एगणवइ | १०० | सय |
| ७४ | चोवत्तरी | ८३ | तेयासीइ | ९२ | बाणवइ | २०० | दुसय |
| ७५ | पंचहत्तरी | ८४ | चोरासीइ | ९३ | तेणवइ | ३०० | तिसय |
| ७६ | छहत्तरी | ८५ | पंचासीइ | ९४ | चोणवइ | ४०० | चउसय |
| ७७ | सत्तहत्तरी | ८६ | छासीइ | ९५ | पंचाणवइ | ५०० | पंचसय |
| ७८ | अट्ठहत्तरी | ८७ | सत्तासीइ | ९६ | छण्णवइ | ६०० | छसय |
| ७९ | एगूणासीइ | ८८ | अट्ठासीइ | ९७ | सत्तणवइ | ७०० | सत्तसय |
| ८० | असीइ | ८९ | नवासीइ | ९८ | अट्ठाणवइ | ८०० | अट्ठसय |
| ८१ | एगासीइ | ९० | नवइ | ९९ | नवणवइ | ९०० | नवसय |
| | | | | | | १००० | सहस्स |

**અપૂર્ણાંક શબ્દો**—પાય-પા; अद्ध-અર્ધો; पाओण-પોણો; सवाय-સવા; सड्ढ દોઢ; पाओण दो-પોણા બે; सवाय दो-સવા બે; अड्ढाई-અઢી; पाओणत्ति-પોણા ત્રણ; सवायत्ति-સવા ત્રણ; सड्ढत्ति-સાઢા ત્રણ.

આ પ્રમાણેજ દરેક સંખ્યાવાચક શબ્દોની પૂર્વે सवाय, सड्ढ; पाओण વગેરે શબ્દો મુકી અપૂર્ણાંક બનાવવા.

**ક્રમવાચક વિશેષણો**—

**पढम**-પહેલો; **बिइय**-બીજો; **तइय**-ત્રીજો; **चउत्थ**-ચોથો; **पंचम**-પાંચમો; **छट्ठ**-છઠો. બાકીના બધા સંખ્યા વિશેષણોમાં છેલ્લે **म** ઉમેરવાથી ક્રમવાચક વિશેષણો બને છે. દા. ત.—**सत्तम, अट्ठम, नवम** વગેરે.

આ ક્રમવા. વિશેષણોમાં **पढम** થી **तइय** સુધીના વિશેષણો **આ**કારાંત કરવાથી તેના સ્ત્રીલિંગી રૂપો બને છે દા૦ ત૦—**पढमा, बिइया, तइया** વગેરે.

બાકીના ક્રમવાચક વિશેષણોને **ઈ**કારાન્ત કરવાથી તેના સ્ત્રીલિંગી રૂપો થાય છે. દા. ત—**चउत्थी, पंचमी** વગેરે.

નપુંસકલિંગમાં—**पढमं, बिइयं, तइयं** આ પ્રમાણે રૂપો થાય છે.

# - શુદ્ધિ પત્રક -

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ રૂપ | શુદ્ધ રૂપ |
|---|---|---|---|
| ૧૬ | ૧૦ | શબ્દોના | શબ્દોનાં |
| ,, | ,, | રૂપા | રૂપો |
| ,, | ૧૩ | एगा ( પુલ્લિ.) | एगो. |
| ,, | ૧૯ | ती | ति |
| ,, | ૨૦ | वी | ति |
| ૧૭ | ૪ | तीण्हं | तिण्हं |
| ,, | ૧૨ | पंचस-सुं | पंचसु सुं |
| ૩૮ | ૧૧ | अट्ठ | अड्ढ |

ટૂંક સમયમાંજ બહાર પડશે !

હાયસ્કૂલના તેમજ 'કોવિદ' 'પ્રવીણ' તથા 'વિનીત'
સુધીના બધાજ વિદ્યાર્થીઓ માટે
અત્યંત ઉપયોગી-

## હિન્દી વ્યાકરણ-સાર

લે.-રેવાશંકર જોષી.